# CBSEની ધો : ૧૦-૧૨ની જુલાઈમાં યોજાનાર પરીક્ષા રદ

**છેલ્લી ૩ પરીક્ષાના આધારે વિદ્યાર્થીનું મુલ્યાંકન થશે : સીબીએસઇની પરીક્ષા ૧થી ૧૫ જુલાઈ દરમિયાન યોજાવાની હતી**

સીબીએસઈ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા રદ કરાવવાની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી . મહારાષ્ટ્ર, દિલ્હી અને ઓડિશાએ પરીક્ષા કરાવવાની ના પાડતા એફિડેવિડ દાખલ કરી છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યુ કે, ધોરણ ૧૦ અને ૧૨ની ૧થી ૧૫ જુલાઈ સુધી યોજાનારી પરીક્ષા રદ કરી દેવામાં આવી છે.

મહત્વનું છે કે સીબીએસઈએ ધોરણ ૧૦ની પરીક્ષા સંપૂર્ણ રીતે રદ કરવાનો નિર્ણય લીધો છે, જ્યારે સીબીએસઈ ધોરણ ૧૨ પરીક્ષાઓ હવે વૈકલ્પિક હશે. સુપ્રીમ કૉર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન બૉર્ડે પોતાના આ નિર્ણયની જાણકારી આપી છે. સાથે જ એ પણ જણાવ્યું છે કે હવે કયા આધાર પર વિદ્યાર્થીઓનાં અંક આપવામાં આવશે અને રિઝલ્ટ તૈયાર કરવામાં આવશે. સીબીએસઈ અને કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રાલયની સાથે બેઠકમાં બૉર્ડનાં અધિકારીઓએ કહ્યું હતુ કે ૧૦માં ધોરણના ઈન્ટરનલ એસેસમેન્ટનાં આધારે રિઝલ્ટ તૈયાર કરવું સરળ છે.

જો કે ૧૨ ધોરણનાં મામલે આ પ્રકારનું રિઝલ્ટ તૈયાર કરવામાં મુશ્કેલી આવશે. કેમકે ૧૨માં ધોરણનાં આધારે આઈઆઈટી, મેડિકલ સહિત અનેક ઉચ્ચ સંસ્થાઓમાં એડમિશન મળે છે. સ્કૂલનાં એસેસમેન્ટમાં અનેક હોનહાર વિદ્યાર્થી પણ પાછળ રહી શકે છે. આ કારણે બૉર્ડે સુપ્રીમ કૉર્ટને જણાવ્યું કે ધોરણ ૧૨નાં વિદ્યાર્થીઓને ૨ વિકલ્પ આપવામાં આવે. તેમને સ્કૂલમાં થયેલી ૩ પરીક્ષાઓમાં તેમના પરફોર્મન્સનાં આધારે અંક આપવામાં આવે.

આ ઉપરાંત તેમને કેટલાક મહિના બાદ થનારી ઈમ્પ્રુવમેન્ટ પરીક્ષામાં સામેલ થવાનો પણ વિકલ્પ પણ આપવામાં આવે. વિદ્યાર્થી ઈચ્છે તો ઈમ્પ્રુવમેન્ટ પરીક્ષા આપીને પોતાનો સ્કોર સારો કરી શકશે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી-માર્ચમાં ચાલી રહેલી પરીક્ષાઓ કોરોના મહામારીનાં કારણે સ્થગિત કરી દેવામાં આવી હતી. ત્યારબાદ સીબીએસઈએ ૧ જુલાઈથી લઈને ૧૫ જુલાઈ સુધી પરીક્ષાઓ કરાવવાની વાત કહી હતી.

આઈસીએસઈએ કહ્યું કે તે પણ ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓને રદ કરશે. અસેસમેન્ટ અંતર્ગત પરિણામો જાહેર કરવામાં આવશે. જો પરિસ્થિતિમાં સુધારો થાય છે, તો ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષાનો વિકલ્પ આપવામાં આવશે કે નહીં, તે પછીથી નક્કી કરવામાં આવશે.

## મેડિકલ અને ડેન્ટલની પરીક્ષા રદ કરવા ગુજરાત યુનિ ખાતે NSUIનો હોબાળો

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદમાં ફરી એકવાર ઉચ્ચ શિક્ષણ શાખાની પરીક્ષા રદ કરવા માટે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા ૨ જુલાઈથી શરૂ થઈ રહેલી મેડિકલ અને ડેન્ટલની પરીક્ષા રદ કરવાની માંગ સાથે હોબાળો મચાવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ જીટીયું ની ૨૫ જૂનથી શરૂ થવાની હતી પરીક્ષા, જે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી મોકૂફ રખાઈ હતી. એનએસયુઆઈ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે કોરોનાનું સંકટ ઘટે ત્યારબાદ પરીક્ષા યોજવામાં આવે. એનએસયુઆઈ દ્વારા નવરંગપુરા ખાતે સમર્પણ ફ્લેટ ખાતે જીટીયુંના કુલપતિ નવીન શેઠના ઘરે વિરોધ પ્રદર્શન કરવા પહોંચ્યા હતા.

જો કે તમામ કાર્યકર્તાઓની ગુજરાત યુનિવર્સિટી પોલીસે અટકાયત કરી લીધી હતી. અત્રે નોંધનીય છે કે ડીજીપી શિવાનંદ ઝા પણ સમર્પણ ફ્લેટસમાં રહે છે. એનએસયુઆઈ ના વિરોધના પગલે સમર્પણ ટાવરના મુખ્ય દરવાજા પાસે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. એનએસયુઆઈની દ્વારા જીટીયું જુલાઈ મહિનામાં જે પરીક્ષા લેવા માંગે છે તેને રદ કરે તેવી માગ કરાઈ રહી છે.

## રાજ્યમાં હોમ લર્નિંગ મામલે હવે શિક્ષકો ચલાવશે ટેલિફોન અભિયાન

**૧૫ વાલીઓના અભિપ્રાય લેવા પડશે**

ગાંધીનગર, તા.૨૫

હોમ લર્નિંગ અસરકારક બનાવવા શિક્ષકોને હવે વિદ્યાર્થીઓના ઘરે જવાનું ફરમાન અપાયું છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત એક પરિપત્ર જાહેર કરાયો છે. જેમાં જણાવાયું છે કે હોમ લર્નિંગ અંતર્ગત ૧૫ જૂન થી રાજ્યમાં દૂરદર્શન, ડીડી ગિરનાર ચેનલ, વંદે ગુજરાત, બાયોગેસ ચેનલો, સીસીસી ખાતેથી વર્ચ્યુઅલ કલાસરૂમ, જેવા માધ્યમથી, ટેલિફોન સમ્પર્ક જેવા અલગ અલગ માધ્યમથી હોમ લર્નિંગ ચાલુ કરવામાં આવ્યું છે. શિક્ષકો દ્વારા જ વિદ્યાર્થીઓને ઘરે ઘરે પાઠય પુસ્તકો પણ પહોચાડવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ આ કાર્યક્રમ અંગે જાણતા થાય તે માટે તેમનો ટેલિફોન દ્વારા સંપર્ક કરવો જરૂરી છે. જેથી શિક્ષકોને જાણ કરવામાં આવી છે કે એનસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી ગાઈડલાઈન પ્રમાણે દરેક શિક્ષક દ્વારા પોતાના કલાસરૂમના ઓછામાં ઓછા ૧૫ વિદ્યાર્થીઓ કે વાલીઓનો સમ્પર્ક કરે. વિદ્યાર્થીઓના ઘરે જઈ ટીવી પર આવતા અભ્યાસક્રમ વિશે સમજ આપવાની રહેશે તેને તમામ પ્રકારનું માર્ગદર્શન આપવાનું રહેશે. બીજા દિવસે ૧૫ નવા વિદ્યાર્થીઓ વાલીઓનો સંપર્ક કરવામાં આવે તેમજ વિદ્યાર્થીઓ ને આપવામાં આવતા આ માર્ગદર્શનનું એક રજીસ્ટર મેન્ટેઈન કરવામાં આવે તેવું પણ પરિપત્રમાં જણાવાયું છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે અગાઉ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને એક મહિનાના કોર્ષના પુસ્તકો પહોંચાડી અભ્યાસ ના બગડે તેવો પ્રયાસ કરાયો હતો.

## મોડાસામા ITI ના શિક્ષકોને ૩ માસથી પગાર ચૂકવાયો નથી

અરવલ્લી, તા. ૨૫

કોરોના મહામારી અંતર્ગત સરકાર દ્વારા જાહેર કરાયેલા લોકડાઉન દરમિયાન જરૂરી સિવાય તમામ રોજગાર ધંધા બંધ કરવામાં આવ્યા હતા. તેમજ સરકાર દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે, શરતોને આધીન રહી તમામ પગારદાર લોકોના પગાર ચુકવવામાં આવશે. આમ છતાં જિલ્લાની મોડાસા ખાતે આવેલી સરકારી આઈ.ટી.આઈમાં ૧૬ શિક્ષકોને લોકડાઉનના સમયનો પગાર મળ્યો નથી. આ શિક્ષકોના જણાવ્યા અનુસાર, મોડાસા આઈ.ટી.આઈના જવાબદાર અધિકારીએ લોકડાઉનના કારણે શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવ્યુ હોવાથી તેમને હાજર થવાની મનાઈ કરી હતી. જોકે તેઓને મળવાપાત્ર પગાર ચાલુ રહેશે તેવી બાંહેધારી આપી હતી. પરંતુ હવે પગાર ન થતા આ અધિકારીઓ જવાબદારીમાંથી છટકી રહ્યા છે. જેથી તમામ પ્રવાસી શિક્ષકોએ આ અંગે ગાંધીનગર સુધી ફેક્સ તેમજ ટેલિફોનિક રજૂઆત પણ કરી હતી. તેમ છતાં પગાર અંગે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. અરવલ્લી સહિત સમગ્ર ગુજરાતના ૨ હજાર શિક્ષકો છે જેમને લોકડાઉન દરમિયાન શૈક્ષણિક કાર્ય બંધ રહેતા પગાર મળ્યો નથી. પગાર અંગે અનેક રજૂઆતો કરવા છતાં પણ તેના પર કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. ત્યારે દિવા તળે અંધારા જેવી પરિસ્થિતિ સર્જાઇ છે.

**ઓમલેન્ડ માર્ક સ્કૂલ દ્વારા**

# ૧૫ ટકા ફી માફીની પ્રેરણાદાયી પહેલની જાહેરાત

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા સ્થિત ઓમલેન્ડ માર્ક સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલ દ્વારા વિદ્યાર્થીઓ માટે ફી રાહતની પ્રેરણાદાયી જાહેરાત કરવામાં આવી છે. જેમાં કોવિડ-૧૯ની મહામારીમાં સમાજના દરેક વ્યક્તિઓ આર્થિક સંકડામણનો લાંબા સમયથી અનુભવ કરી રહ્યાઆ છે. આ આર્થિક સંકડામણમાં બાળકોનું ભવિષ્ય બનાવવાનું, જાળવી રાખવાનું તથા આર્થિક બેલેન્સ જાળવવા ઓમ લેન્ડમાર્ક સ્કૂલે એક પહેલ ભરી રહી છે. સમાજની સાથે બાળકોની સાથેના સૂત્રને ધ્યાનમાં લઈને સંસ્થાએ બાળકોની ફીમાં રાહત આપવાનું નક્કી કર્યું છે. જેમાં નવા સત્રમાં સ્કૂલ ફીમાં ૧૫ ટકાની ફી માફી તથા હોસ્ટેલમાં ૧૫ ટકાની ફી માફીની જાહેરાત કરી છે.

આ ઉપરાંત ફી માફી સાથે નવા સત્રમાં સ્કૂલ શરૂ ન થાય ત્યાં સુધીની ટ્રાન્સપોર્ટ ફી લેવામાં આવશે નહીં. ઓનલાઈન કલાસ એક્ટીવીસી સ્કૂલ તરફથી ચાલુ છે. જેની કોઈ એકસ્ટ્રા ફી નહિ લેવાય. હાલમાં સ્કૂલ દ્વારા એડવાન્સમાં ટેક્સબુક આપવાનું શરુ કરેલ છે. વિદ્યાર્થીઓની ફી માફી સાથે શિક્ષકો તથા કર્મચારીઓના પગારમાં કોઈ કપાત નહીં. પરંતુ એપ્રિલ-૨૦૨૦થી નવી ઈજાફા સાથે પગાર આપવામાં આવે છે.

આ સંસ્થો કોરોનાની મહામારી દરમિયાન ને.હા. નં.૮ ઉપર પોતાના વતન જતા પરપ્રાંતિયોને સતત ચા-નાસ્તો - ભોજનની તથા મેડિકલ ચકાસણી સાથે લાંબા સમય સુધી સેવાયજ્ઞ ચલાવી સેવા પુરી પાડી હતી. આવ કપરા સમયમાં સરકાર સાથે રહીને સેવાકીય પ્રવૃત્તિ દ્વારા સહયોગ આપ્યો હતો.




## 'વૃક્ષ વાવીશું, વૃક્ષ ઉછેરીશું' સંકલ્પ સાથે બુલેટવર્લ્ડનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં આવેલી બુલેટવર્લ્ડ એ બુલેટ શોખીનો માટેની મનગમતી જગ્યા છે. તેઓ બુલેટ રાઈડ સાથે સામાજિક કાર્યક્ષેત્રે પણ સક્રિય છે. છેલ્લા ત્રણ વર્ષથી તેઓ એમના સ્થાપના દિવસે સામાજિક કાર્યક્રમ સાથે બુલેટવર્લ્ડના જન્મદિવસની ઉજવણી કરતા હોય છે.

બુલેટવર્લ્ડ દ્વારા આજે સેક્ટર ૨૮ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા અને ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વનરાજસિંહ વાઘેલા હરપાલસિંહ ઝાલા, વનરાજસિંહ ગોહિલ, જયેન્દ્રસિંહ રાણા, આલાપ, જયવંત ચિકોર્ડે, પ્રદિપ ચિકોર્ડે, નઝરઅલી, હરિશસિંહ, ગુણવંતભાઈ, રોહિત વગેરે સભ્યો પણ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા હતા. વૃક્ષારોપણના કાર્યક્રમ બાદ બુલેટવર્લ્ડના ડાયરેક્ટર વનરાજસિંહ વાઘેલાએ સૌ મિત્રો સાથે ગરીબ પરિવાર વચ્ચે સુખડીનું વિતરણ કર્યુ હતું. આજ પ્રસંગે તેઓએ હમણાં જ ગલવાન ઘાટીમાં શહિદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા કેન્ડલ માર્ચ કરી હતી.

વનરાજસિંહ વાઘેલા બુલેટ રાઈડની સાથે સાથે અનેક સામાજિક કાર્યો કરીને યુવાનોમાં ખાસ્સા પ્રસિદ્ધિ પામ્યા છે. એમણે 'વૃક્ષ વાવીશું, વૃક્ષ ઉછેરીશું' સંકલ્પ સાથે બધાએ ભેગા મળીને બુલેટવર્લ્ડના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજ્યો હતો. અને સાથે એમણે વૃક્ષ વિતરણ પણ કર્યુ હતું.

## શિક્ષકનું નવિન અભિગમથી શિક્ષણકાર્ય



ગાંધીનગર, તા. ૨૫

શાળા બંધ છે શિક્ષણ નહિ, કોરોના ડિઝીઝની વર્તમાન પરિસ્થિતિને કારણે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશભાઈ ગજ્જર દ્વારા વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયાના માધ્યમથી વીડિયો કોલ કરી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવે છે. સાથે સાથે સોસિયલ ડિસ્ટન્સ સાથે ઘેર-ઘેર વિદ્યાર્થીઓની મુલાકાત લઈ સમજાવી શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે. તેમજ કોરોના ડિઝિઝમાં ધ્યાન રાખવાની બાબતોની પણ વિશેષ સમજ આપવામાં આવે છે.

શિક્ષકના આ અભિગમને વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ સહકાર આપે છે અને ખુબ જ ખુશી અનુભવે છે.

## સ્વદેશી સાબુ વેચાણ મેળો યાજાયો

ચિલોડા, તા. ૨૫

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શનથી મધ્યસ્થ ગ્રંથાલયના પ્રાંગણમાં સ્વદેશી સાબુ વેચાણ મેળાનું આયોજન કરાયું જેમાં સંકુલમાં ઉગાડવામાં આવેલા અરીઠા વૃક્ષોના અરીઠા બીજમાંથી માથુ ધોવાના સાબુ બનાવાયા. ઉપરાંત ન્હાવા માટેના લીમડાના સાબુ ગાંધી ખાદી ગ્રામઉદ્યોગના કાર્યકર્તા હિંમતભાઈ વાણીયા દ્વારા બનાવાયા અને વેચાણ કરાયા. આ સાબુ વેચાણ મેળામાં આરોગ્ય કેન્દ્રના, શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના અને ગ્રામસેવા સંકુલના સેવકોએ ભાગ લીધો હતો.






ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ કાર્યાલય અમદાવાદ ખાતે "કારકિર્દીના ઊંબરે" ધોરણ ૧૨ પછી શું કારકિર્દી માર્ગદર્શન ઈ-બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

# વનવાસી વિસ્તારમાં ૧૧૯ પેકેટ ચોખાનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૫

રથયાત્રાના પવિત્ર દિવસે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં જાભ ચિતરિયા ગામનાં ૧૦૧ પેકેટ ૩ કિગ્રા. ચોખાનું વિતરણ ચાર ગામોની બહેનોને કર્યું હતું. અણસોલમાં ચોખાની સાથે ઘઉં, ચા, સાબુ, મમરા તથા ઉમરાના છોડ પણ આપ્યા હતા. ૧૮ લાભાર્થીને ચપ્પલ આપ્યા હતા. અષાઢી બીજના શુભ દિવસે આ યજ્ઞમાં મહર્ષિ સુથાર, મિલિંદ ગુપ્તે તથા યોગેશભાઈ હાજર રહ્યા હતા.

**ડાયરેક્ટ ❤ સે**

આપતાં શીખી જાઓ...
જગત તમારું નામ લેતા શીખી જશે...

## જન્મદિને વધામણી



વિવેક વિપુલભાઈ જોષી
મો. ૯૮૭૯૬ ૯૦૯૩૬



સંજય જે શાહ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક